


# ગૂગલ, ગ્લોબલ AI અને એક કપ કોફી: બદલાતા ભારતની આધુનિક ઓળખ

**આ સમિટ માત્ર કોફી અને મુલાકાતો પૂરતી મર્યાદિત નથી. આ ભારતની ટેક-મુત્સદ્દીગીરીનો એક મોટો હિસ્સો છે. ભારત હવે અમેરિકા પ્રેરિત 'PAX SILICA' (પેક્સ સિલિકા) ઘોષણાપત્રમાં સત્તાવાર રીતે જોડાઈ ગયું છે**

**વિકલ્પ**

★ દીપક આશર

આજે ભારત એક તરફ 'ગ્લોબલ AI હબ' બનવા તરફ ડગ માંડી રહ્યું છે અને બીજી તરફ પોતાની કોફી, તેજાના અને હસ્તકલાને 'ભારત GI' દ્વારા વિશ્વ બજારમાં સર્વોપરી બનાવી રહ્યું છે. સુંદર પિચાઈના હાથમાં રહેલો એ કોફીનો કપ ખરેખર ભારતની વધતી જતી વૈશ્વિક શક્તિનો પર્યાય છે.

દિલ્હીના ભારત મંડપમમાં યોજાયેલી 'AI ઈમ્પેક્ટ સમિટ 2026'માં વિશ્વના સૌથી શક્તિશાળી ટેક લીડર સુંદર પિચાઈએ 'ભારત GI' કોફીનો એક ઘૂંટડો ભર્યો અને મોઢામાંથી શબ્દ નીકળ્યો- 'Wow!', ત્યારે તે માત્ર એક કોફીનો સ્વાદ નહોતો, પણ બદલાતા ભારતની નવી ઓળખનો એક દસ્તાવેજ હતો. ટેક્નોલોજીના શિખરે બિરાજતા પિચાઈ અને ભારતીય માટીની સુગંધ ધરાવતી કોફી વચ્ચેનો આ સંગમ ભારતની સોફ્ટ પાવર અને હાઈ-ટેક વિઝનનો અદભૂત નમૂનો છે.

ફેબ્રુઆરી 2026ની ગુલાબી ઠંડીમાં નવી દિલ્હીનું ભારત મંડપમ વિશ્વના ટેક-નકશાનું કેન્દ્રબિંદુ બન્યું હતું. અહીં 'AI ઈમ્પેક્ટ સમિટ 2026'માં દુનિયાભરના વિજ્ઞાનીઓ, નીતિઘડવૈયાઓ અને દિગ્ગજ સીઈઓ એઆઈ દ્વારા માનવતાના ભવિષ્યને કેવી રીતે બદલી શકાય તેના પર મંથન કર્યું હતું. પરંતુ આ ગંભીર ચર્ચાઓની વચ્ચે એક એવો પ્રસંગ બન્યો, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હતી. ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈ સમિટના વ્યસ્ત શેડ્યૂલમાંથી સમય કાઢીને ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા ઊભા કરવામાં આવેલા 'ભારત GI કોફી લાઉન્જ' પર પહોંચ્યા હતા.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. આ વીડિયો દ્વારા દુનિયાને જાણવા મળ્યું કે પિચાઈ માત્ર ટેક્નોલોજીના જ નહીં, પણ ભારતીય સ્વાદના પણ ચાહક છે. તેમણે દક્ષિણ ભારતની ખાસ 'મોન્સૂન મલબાર અરેબિકા' કોફીનો આનંદ લીધો હતો. પણ સવાલ એ છે કે, આ 'ભારત GI' કોફી શું છે અને શા માટે ગૂગલના સીઈઓનું આ સ્ટોલ પર રોકાવું એ ભારત માટે ગર્વની વાત છે?

પહેલા સમજીએ, 'ભારત GI'- એક બ્રાન્ડ, એક વારસો: ભારત સરકારે તાજેતરમાં 'ભારત GI'(જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન) નામની એક નવી અમ્બ્રેલા બ્રાન્ડ લોન્ચ કરી છે. તેનો ઉદ્દેશ્ય ભારતના ભૌગોલિક સંકેત (GI ટેગ) મેળવેલા ઉત્પાદનોને વૈશ્વિક ફલક પર 'પ્રીમિયમ બ્રાન્ડ' તરીકે સ્થાપિત કરવાનો છે. કોફી આ અભિયાનનો પ્રથમ પડાવ છે. સુંદર પિચાઈએ જે કોફી પીધી તે 'મોન્સૂન મલબાર' વેરાયટી હતી. તેની ખાસિયત એ છે કે આ કોફીના દાણાને ચોમાસાના ભેજવાળા પવનોમાં મહિનાઓ સુધી પ્રોસેસ કરવામાં આવે છે, જેનાથી તેનો સ્વાદ અને સુગંધ દુનિયાની અન્ય કોફી કરતા સાવ અલગ પડે છે. પિચાઈએ બેરિસ્ટા (કોફી બનાવનાર) સાથે વાત કરી અને આ કોફીની પરંપરાગત બનાવટ વિશે જિજ્ઞાસાપૂર્વક પૃચ્છા કરી. આ દ્રશ્ય એ વાતની સાબિતી આપી રહ્યું હતું કે ભારત હવે માત્ર કોમોડિટી એક્સપોર્ટ કરનાર દેશ નથી, પણ તે પોતાની 'બૌદ્ધિક સંપત્તિ' અને વિશિષ્ટ વારસાનું બ્રાન્ડિંગ કરી રહ્યો છે. આ સમિટ માત્ર કોફી અને મુલાકાતો પૂરતી મર્યાદિત નથી. આ ભારતની ટેક-મુત્સદ્દીગીરીનો એક મોટો હિસ્સો છે. ભારત હવે અમેરિકા પ્રેરિત 'Pax Silica'(પેક્સ સિલિકા) ઘોષણાપત્રમાં સત્તાવાર રીતે જોડાઈ ગયું છે. આ એક વ્યૂહાત્મક પહેલ છે, જેનો હેતુ ચીનના ટેક્નોલોજીકલ પ્રભુત્વને પડકારવાનો અને AI સપ્લાય ચેઈનને સુરક્ષિત બનાવવાનો છે.


સુંદર પિચાઈએ સમિટમાં પોતાના સંબોધન દરમિયાન સ્પષ્ટપણે ભારતની પ્રગતિની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, AI એ આપણા જીવનકાળનું સૌથી મોટું પ્લેટફોર્મ શિફ્ટ છે. પિચાઈએ પોતાના બાળપણની યાદો તાજી કરતા જણાવ્યું કે, કેવી રીતે તેઓ ચેન્નાઈથી ખડગપુર આઈઆઈટી જવા માટે ટ્રેનમાં વિશાખાપટ્ટનમ (વાઈઝેગ) પાસેથી પસાર થતા હતા. આજે એ જ વાઈઝેગમાં ગૂગલ 15 અબજ ડોલરના રોકાણ સાથે એક 'ફુલ-સ્ટેક AI હબ' સ્થાપવા જઈ રહ્યું છે. આ માત્ર આંકડા નથી, પણ ભારતના યુવાનો માટે રોજગારી અને ટેક્નોલોજીના નવા દ્વાર છે.

ગૂગલનું 'ઈન્ડિયા વિઝન'- 15 અબજ ડોલરનું રોકાણ અને ભવિષ્ય:

સુંદર પિચાઈની આ મુલાકાત ગૂગલની ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. ગૂગલ ભારતમાં અનેક મોટા પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે. પહેલું - વિશાખાપટ્ટનમ AI હબ: આ કેન્દ્ર ભારતના ડેટા પ્રોસેસિંગ અને AI સંશોધનનું મુખ્ય કેન્દ્ર બનશે. બીજું - સબસી કેબલ્સ: ભારત અને અમેરિકા વચ્ચે ડેટા ટ્રાન્સફરની ગતિ વધારવા માટે ચાર નવી સબસી કેબલ સિસ્ટમ નાખવામાં આવી રહી છે. ત્રીજું - AI સ્કિલ હાઉસ: ગૂગલે ભારતના લાખો યુવાનોને AIમાં તાલીમ આપવા માટે 'સ્કિલ હાઉસ' પ્રોગ્રામ શરૂ કર્યો છે. અને ચોથું - કૃષિ અને આરોગ્ય: ભારતીય ખેડૂતોને ચોમાસાની સચોટ આગાહી મળી રહે તે માટે AI મોડલ્સ વિકસાવવામાં આવ્યા છે. પિચાઈએ ગર્વ સાથે જણાવ્યું કે કેવી રીતે AI દ્વારા મોકલાવેલી આગાહીએ લાખો ખેડૂતોના પાકને બચાવ્યો છે.

ફરી કોફી ડિપ્લોમેસીની વાત કરીએ તો, સુંદર પિચાઈનું કોફી પીવું એ એક વ્યૂહાત્મક 'મેસેજ' પણ છે. ટેક્નોલોજી કેટલી પણ એડવાન્સ કેમ ન થઈ જાય, તેની સફળતા એ વાતમાં છે કે તે સામાન્ય માણસ અને સ્થાનિક સંસાધનોને કેવી રીતે મદદ કરે છે. 'ભારત GI' કોફી એ ભારતના હજારો નાના ખેડૂતોની મહેનતનું પરિણામ છે. જ્યારે પિચાઈ જેવા વૈશ્વિક નેતાઓ આ પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપે છે, ત્યારે તેની બજાર કિંમત અને પ્રતિષ્ઠા વિશ્વસ્તરે વધી જાય છે. પીયૂષ ગોયલે યોગ્ય જ કહ્યું હતું કે, જ્યારે સુંદર પિચાઈ એક ઘૂંટડો લેવા માટે રોકાય, ત્યારે સમજી લેવું કે આ ખરેખર કંઈક ખાસ છે! આ સમિટમાં માત્ર ગૂગલ જ નહીં, પણ સેમ ઓલ્ટમેન (ઓપન AI) જેવા દિગ્ગજોની હાજરી એ સાબિત કરે છે કે ભારત હવે માત્ર ટેક્નોલોજીનો ગ્રાહક નથી, પણ તે નિયમો બનાવનાર અને ઈનોવેટર બની રહ્યો છે.

સુંદર પિચાઈની દિલ્હી મુલાકાત અને ભારતની 'Pax Silica'માં એન્ટ્રી એ વાતની ઘોષણા છે કે 21મી સદીના ટેક્નોલોજીકલ યુદ્ધમાં ભારત હવે એક મજબૂત ખેલાડી છે. પિચાઈએ પોતાના પિતાની વાર્તા કહીને સૌના દિલ જીતી લીધા હતા, કેવી રીતે તેમના 83 વર્ષના પિતા ડ્રાઈવરલેસ કાર (Waymo) જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પિચાઈ માને છે કે જો ટેક્નોલોજી ભારતના ભરચક રસ્તાઓ પર કામ કરી શકે, તો તે દુનિયામાં ગમે ત્યાં સફળ થઈ શકે છે. આજે ભારત એક તરફ 'ગ્લોબલ AI હબ' બનવા તરફ ડગ માંડી રહ્યું છે અને બીજી તરફ પોતાની કોફી,




તેજાના અને હસ્તકલાને 'ભારત GI' દ્વારા વિશ્વ બજારમાં સર્વોપરી બનાવી રહ્યું છે. સુંદર પિચાઈના હાથમાં રહેલો એ કોફીનો કપ ખરેખર ભારતની વધતી જતી વૈશ્વિક શક્તિનો પર્યાય છે.

ભારત હવે AI-રેસમાં 'લેટ એન્ટ્રન્ટ' (મોડું આવનાર) હોવા છતાં પોતાની અદભૂત ડેટા શક્તિ અને યુવા ટેલેન્ટના જોરે ચીન અને અમેરિકાને ટક્કર આપવા તૈયાર છે. પિચાઈ જેવા ભારતવંશી લીડર્સનું વિઝન અને ભારત સરકારની પ્રોત્સાહક નીતિઓ ભારતને 2047 સુધીમાં ચોક્કસપણે 'વિકસિત ભારત' બનાવશે.